### કલાકો સુધી ફાટક બંધ રાખતા ટ્રાફિકજામની વિકટ સમસ્યા

# ફાટક નંબર 241 બન્યો માથાનો દુ:ખાવો, કરચિયા ગામના લોકો વિફર્યા

**બોર્ડ પરીક્ષાર્થીઓ,** નોકરિયાત વર્ગ અને ખેડૂતો ભારે હાલાકીમાં



(પ્રતિનિધિ) વડોદરા | તા. 1

વડોદરા શહેર નજીક આવેલા કરચિયા ગામમાં ફાટક નંબર 241 ગ્રામજનો માટે મોટી સમસ્યા બની ગયો છે. કલાકો સુધી રેલવે ફાટક બંધ રાખવામાં આવતા ભારે ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે, જેના કારણે બાળકો, બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ તેમજ ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સમસ્યાનો વારંવાર રજૂઆત છતાં ઉકેલ ન આવતા આજે ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ, અગાઉ પંચાયતની રજૂઆત બાદ મહિલા અધિકારીની હાજરીમાં યોજાયેલી બેઠકમાં ફાટકને દર 20-25 મિનિટે ખોલવાની અને નીચે આવેલા ગરનાળાનું ડીવોટરિંગ કરવાની લેખિત સંમતિ આપવામાં આવી હતી. આ બેઠકમાં રેલવે અધિકારી, ડીએમ અધિકારી, બાજવા, કરચિયાના સરપંચ અને તલાટી હાજર રહ્યા હતા.

પરંતુ આજે સ્થિતિ એવી છે કે ફાટક એકથી સવા કલાક સુધી બંધ રાખવામાં આવે છે, ન તો સાફ-સફાઈ કરવામાં આવી છે અને ન તો નક્કી કરાયેલા નિયમોનું પાલન થાય છે.

બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે બાજવા, દશરથ અને કરચિયા વિસ્તારના વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. નોકરિયાત વર્ગને એકથી દોઢ કલાક સુધી મોડું થવું પડે છે, તો કેટલાકને લાંબા રસ્તે વળાંક લઈને જવું પડે છે. ઉપરાંત રણોલી બ્રિજ બંધ અને મીની નદી બ્રિજ પર કામ ચાલતું હોવાથી તમામ ભારે વાહનો કરચિયા તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે, જેના કારણે પહેલેથી જ ટ્રાફિકથી ભરેલા વિસ્તારમાં સ્થિતિ વધુ ગંભીર બની છે.

ઉગ્ર આંદોલનની ચીમકી

ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો વહેલી તકે ફાટક વ્યવસ્થાનો યોગ્ય ઉકેલ નહીં આવે, નિયમિત રીતે ફાટક ખોલવામાં નહીં આવે અને ટ્રાફિક માટે યોગ્ય ડાયવર્ઝન આપવામાં નહીં આવે, તો સર્વ ગ્રામજનો ભેગા મળી ઉગ્ર આંદોલન કરશે.

## હોળી-ધુળેટીને લઈ પોલીસ દ્વારા શહેરના માર્ગો પર ફુટ પેટ્રોલિંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરને સંસ્કારી નગરી કહેવામાં આવે છે ત્યારે અહિયા દરેક તહેવાર ભારે ધામધૂમથી ઉજવવામાં આવતા હોય છે. હોળી ધુળેટીના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે તહેવાર દરમિયાન ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં લોકો બજારમાં ઉમટી રહ્યા છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે સિટી વિસ્તારમાં જાતે પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, એડિશ્નલ પોલીસ કમિશનર ડો.લીના પાટીલ, ડીસીપી ક્રાઈમ હિમાંશુકુમાર વર્મા, ડીસીપી ઝોન 3 અભિષેક ગુપ્તા અને અન્ય અધિકારીઓ સહિતના કાફલા સાથે પેટ્રોલિંગ કરાયું હતું.

## મકરપુરા વિસ્તારમાં બે મકાનોમાંથી તસ્કરો લાખોની મતા ચોરી ગયા

**પોલીસના** નાઇટ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવતા ચોરો

**ભગવાનના** મંદિરમાં પુજા માટે મુકેલા રૂપિયા 200 પણ તસ્કરો ઉઠાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચોરીને અંજામ આપતા તસ્કરોએ મકરપુરા વિસ્તારમાં એક જ રાત્રીના સમયે બે મકાનમાં નિશાન બનાવ્યાં હતા. જેમાં સોનાના દાગીના, રોકડ રકમ રૂ.10 હજાર તેમજ મંદિરમાં પુજાના રૂપિયા 200 અને સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઇ હતા. જેથી આ ચોરીના બનાવમાં પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં દિવસેને દિવસે ચોરીના બનાવોમાંવધારો નોંધાઇ રહ્યો છે. તસ્કરો ઉપરાંછાપરી મકાનો તથા મંદિરોને પણ નિશાન બનાવીને પોલીસના નાઈટ પેટ્રોલિંગના સરેઆમ લીરેલીરા ઉડાવી રહ્યાં છે. ત્યારે ફરીવાર મકરપુરા વિસ્તારમાં રહેતા માતા પુત્ર કામ અર્થે બહાર ગામ ગયા હતા. તે દરમિયાન તેમના મકાન સહિત બાજુના મકાનમાં તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યાં હતા. મોડી રાત્રીના સમયે તસ્કરો મકાનમાં પ્રવેશ્યાં હતા અને ત્યરબાદ સોનાના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા 10 હજાર સહિતની મતા ચોરી ગયા હતા. જેમાં દીકરીએ જણાવ્યું હતું કે તેમના પિતા દ્વારા ખરીદીને આપવામાં આવેલી કિમતી સોનાની વસ્તુ અને તેમની યાદગીરી પણ તસ્કરો ચોરી ગયાં હતા ઉપરાંત ભગવાનના મંદિરમાં પુજા માટે મુકેલા રૂપિયા 200 પણ તસ્કરો ઉઠાવી રફુચક્કર થઇ ગયાં છે. જેથી મહિલાએ ચોરીની ફરિયાદ નોંધાવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદ એસ જી હાઇવે પરથી આશ્રય લેતા આરોપીને ક્રાઇમ બ્રાન્ચે દબોચ્યો

## વોર્ડ વિઝાર્ડ મેડિકલ કંપનીમાંથી રૂ. 28 કરોડની ઉચાપત કરનાર પૂર્વ CEO ઝડપાયો

**કોર્ટમાં** રજૂ કરીને આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ



(પ્રતિનિધિ) વડોદરા તા.1

બનાવટી દસ્તાવેજોના આધારે વોર્ડ વિઝાર્ડ મેડીકેર પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે પૂર્વ સીઈઓ રૂ.28 કરોડથી વધુ રૂપીયાની નાણાકીય ઉચાપત કરી ફરાર થઈ ગયેલા આરોપીને અમદાવાદથી વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડયો હતો.

વડોદરા શહેરના જેતલપુર વિસ્તારમાં આવેલી વોર્ડ વિઝાર્ડ મેડીકર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પુર્વ સીઈઓ સંતોષકુમાર હરીભાઈ ગઢવી (રહે.અતુલપાર્ક સોસાયટી, કોરેગાંવ પાર્ક,પુના, મહારાષ્ટ્ર, હાલ રહે.નવજીવન મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, બસ સ્ટેન્ડની બાજુમાં, કિંકલોડ તા.બોરસદ,જી.આણંદ) એ બનાવટી દસ્તાવેજો કંપનીના બેંક ખાતામાંથી નાણાંની ઉચાપત કરી હતી.

ઉપરાંત ખોટા હિસાબો બનાવી કંપનીમાં રજુ કરી તથા અલગ અલગ બેન્કમાં ખોટા નામે એકાઉન્ટ ખોલાવી નાણાં ઉપાડી હલકી ગુણવત્તાના તથા આઉટડેટેડ મેડીકલ સાધનો મંગાવી તેના બદલામાં કંપનીમાંથી વધુ નાણા અલગ અલગ કંપનીઓને ચુકવી દીધા હતા અને તેમાંથી જુદી જુદી કંપનીમાંથી નાણાં સગેવગે કરી રૂપિયા 28.47 કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. જેની ફરિયાદ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેથી સંતોષ ગઢવી ધરપકડ નાં ડરથી નાસતો ફરતો હતો.

ક્રાઈમ બ્રાન્ચે ગુનામાં સંડોવાયેલા આરોપીએ આગોતરા જામીન મેળવવા કોર્ટમાં અરજી કરી હતી પરંતુ આ આરોપીની આગોતરા અરજી કોર્ટ દ્વારા નામંજુર કરાઈ હતી.

ત્યારબાદ પણ આ ગુનામાં સંડોવાયેલા આરોપીની શોધખોળ કરતા સંતોષ ગઢવી અમદાવાદ ખાતે એસ.જી.હાઈવે પાસે મકાન ભાડે રાખી આશ્રય લઇ રહ્યો હોવાની માહીતી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ અમદાવાદ ખાતે રવાના થઈ હતી અને નાસતા ફરતા આરોપીનાં રહેઠાણનાં સ્થળ પર વોચ ગોઠવી સંતોષકુમાર હરી ગઢવીને મોડી રાત્રે ધરપકડ કરી હતી. વડોદરા લાવ્યા બાદ કોર્ટમાં રજું કરી પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરવામાં આવી છે.

## CGTC દ્વારા પ્રતાપનગર ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેર સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ (CGCTC) દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રતાપનગર ખાતે આવેલા પોલીસ હેડક્વાર્ટર ક્વાર્ટરના ક્રિકેટ ગ્રાઉન્ડ પર ખૂબ જ ઉત્સાહ, એકતા અને ભાઈચારા ભાવનાના ઉત્સવ રૂપે સંપન્ન થયું. ટુર્નામેન્ટની શરૂઆત રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં દેશભક્તિ અને ગૌરવની ભાવના છવાઈ ગઈ હતી.

સમગ્ર દિવસ દરમિયાન રમાયેલી મેચોમાં ખેલાડીઓએ ઉત્તમ રમત, શિસ્ત અને રમતિયાળ ભાવનાનું પ્રશંસનીય પ્રદર્શન કર્યું. પ્રથમ મેચ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને આવકવેરા વિભાગ વચ્ચે રમાઈ હતી, જેમાં આવકવેરા વિભાગની ટીમે શાનદાર રમત દ્વારા વિજય મેળવ્યો. બીજી મેચ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના અધ્યક્ષ એકાદશ અને સચિવ એકાદશ વચ્ચે યોજાઈ હતી, જેમાં અધ્યક્ષ એકાદશે દમદાર જીત મેળવી. ટ્રોફી વિતરણ સમારંભમાં વિવિધ આગેવાનોના વરદ હસ્તે વિજેતા અને રનર-અપ ટ્રોફી સાથે શ્રેષ્ઠ બેટ્સમેન, શ્રેષ્ઠ બોલર તથા શ્રેષ્ઠ સર્વાંગી ખેલાડીના પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા. વિશેષ વાત એ રહી કે ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને ભાગીદારી ટ્રોફી અર્પણ કરવામાં આવી.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ માત્ર રમત પૂરતું સીમિત ન રહી, પરંતુ ચેમ્બર અને આવકવેરા વિભાગ વચ્ચે સહકાર, એકતા અને સૌહાર્દપૂર્ણ સંબંધોનું જીવંત પ્રતિબિંબ બની રહી.

## વોલ્વોએ રિવર્સ લેતા એસટી બસને ટક્કર વાગતા કાચ તૂટી ગયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરના મુખ્ય એસટી ડેપો ખાતે આજે અકસ્માતની ઘટના બની હતી. વોલ્વો બસના ચાલકે રિવર્સ લેતી વખતે પાછળ આવી રહેલી એસટી બસ સાથે અથડાતા આગળનો કાંચ તૂટી ગયો હતો. જેને પગલે બંને બસના ચાલકો વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.

વડોદરા શહેર અને જિલ્લામાં નાના મોટા અકસ્માતો સર્જાય તે હવે આમ વાત બની ગઈ છે. જોકે એસટી ડેપોની અંદર અકસ્માત સર્જાયો હોવાની પ્રથમ ઘટના આજે બની હતી. જેમાં ચાલકની બેદરકારીને કારણે એસટી બસને નુકસાન થયું હતું. મળતી માહિતી અનુસાર, વડોદરા શહેરના એસટી ડેપો ખાતે આજે બે બસ વચ્ચે અકસ્માતની ઘટના બની હતી. એક વોલ્વો બસના ચાલકે રિવર્સ લેતી વખતે પાછળ ઉભેલી એસટી બસ સાથે જોરદાર અથડાઈ હતી. આ અથડામણને કારણે પાછળ ઉભેલી એસટી બસના આગળના ભાગનો કાચ તૂટી ગયો હતો અને બંને બસને નાનું મોટું નુકસાન પહોંચ્યું હતું.

## ડૉ. નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાન અને પાલિકા દ્વારા ‘સ્વચ્છતા અભિયાન’

**ખોડિયાર** નગરના વ્હાઇટ વુડા આવાસ પાસે પાલિકા અને પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતાનો સંદેશ ગુંજ્યો



(પ્રતિનિધિ) વડોદરા. તા.1

વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના સંકલ્પ સાથે આજ રોજ ખોડિયાર નગર વિસ્તારમાં સેવાનો અનોખો ઉત્સવ જોવા મળ્યો હતો. ડૉ. નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાન (મહારાષ્ટ્ર) અને વડોદરા મહાનગરપાલિકાના સંયુક્ત સહયોગથી વ્હાઈટ વુડાના મકાનો પાસે વ્યાપક સ્તરે ‘સ્વચ્છતા અભિયાન’ હાથ ધરવામાં આવ્યું હતું. ડૉ. નાનાસાહેબ ધર્માધિકારીના જન્મદિવસને ફક્ત ઉત્સવ તરીકે નહીં, પરંતુ ‘સમાજ સેવા’ તરીકે ઉજવવાની પરંપરાને પ્રતિષ્ઠાને જાળવી રાખી છે. પ્રતિષ્ઠાન દ્વારા દર વર્ષે પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણ, જળ સંચય અને સ્વચ્છતા જેવા પ્રકલ્પો ચલાવવામાં આવે છે. તેના જ ભાગરૂપે આજે વ્હાઈટ વુડા આવાસના રહીશોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી આ સફાઈ યજ્ઞ આદરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર 4ની ટીમે ખભેખભા મિલાવી કામગીરી કરી હતી. ખોડિયાર નગરના રહીશોએ પણ આ કામગીરીની પ્રશંસા કરી હતી અને પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે શપથ લીધા હતા. અંતમાં, પ્રતિષ્ઠાનના પ્રતિનિધિઓએ પાલિકા તંત્રનો આભાર વ્યક્ત કરી આગામી સમયમાં પણ આવા જનહિતના કાર્યો ચાલુ રાખવાની નેમ વ્યક્ત કરી હતી.

## હોળી-ધૂળેટી પૂર્વે બજારોમાં રોનક, રવિવારની રજામાં ધાણી-ખજૂરની ધૂમ ખરીદી



(પ્રતિનિધિ) વડોદરા. તા.1

વડોદરા શહેરમાં આજે જ્યારે હોળીની પૂજા, અર્ચના સાથે ધાર્મિક રીતે ઉજવણી કરવામાં આવશે. ત્યારે રવિવારના રોજ સંસ્કારી નગરી વડોદરાના બજારોમાં તહેવારનો માહોલ જામ્યો છે. રવિવારની રજા હોવાથી શહેરના રાજમાર્ગો અને મુખ્ય બજારોમાં ધાણી, ખજૂર, ચણા અને ખારીસિંગની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. શહેરના માંડવી, ન્યાયમંદિર, મંગળબજાર, રાવપુરા, અને કારેલીબાગ સંગમ ચાર રસ્તા જેવા વિસ્તારોમાં સવારથી જ ગ્રાહકોની ચહલપહલ વધી ગઈ હતી. હોળીના તહેવારમાં હોળિકા દહન સમયે અને પ્રસાદ તરીકે ધાણી-મમરાનું વિશેષ મહત્વ હોય છે, જેના કારણે લારીઓ અને દુકાનો પર આ ચીજવસ્તુઓના મોટા ઢગલા જોવા મળ્યા હતા. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં સામાન્ય વધારો જોવા મળ્યો છે. તેમ છતાં, લોકો પરંપરાગત રીતે ઉજવણી કરવા માટે હોંશે-હોંશે ખરીદી કરી રહ્યા છે. બજારમાં સાદી ધાણીની સાથે જુવારની ધાણીની માંગ વધુ જોવા મળી રહી છે. ઉત્તમ ગુણવત્તાના ખજૂર માટે લોકો ખાસ આગ્રહ રાખી રહ્યા છે. હોળીની વિશેષ જોડી ગણાતા શેકેલા ચણા અને ખારીસિંગનું વેચાણ પણ જોરશોરથી થઈ રહ્યું છે. નોકરિયાત વર્ગ અને ગૃહિણીઓએ રવિવારની રજાનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. બપોરના સમયે ગરમી હોવા છતાં સાંજ પડતા જ બજારોમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. રસ્તા પર કામચલાઉ ઉભા થયેલા ધાણી-ખજૂરના હાટડાઓને કારણે વાહનવ્યવહારમાં પણ ક્યાંક ધીમી ગતિ જોવા મળી હતી.

આ વખતે ચંદ્ર ગ્રહણ હોવાને કારણે હોળી દહનના એક દિવસ બાદ રંગોના પર્વ ધુળેટી ની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે બજારમાં ગુલાલ અને પિચકારીઓની ખરીદીમાં પણ ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. સ્કૂલોમાં રજા હોવાના કારણે બાળકોમાં પણ ગુલાલ અને પિચકારીઓની ખરીદી માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બજારમાં આ વખતે વિવિધ ડિઝાઈન અને આકર્ષક પિચકારીઓ ઉપલબ્ધ છે. યુનિકોર્ન અને ઈલેક્ટ્રિક પિચકારીઓ સાથે સાથે 2 કિલોથી 6 કિલો સુધીના ગુલાલ સિલિન્ડર જેવી નવીન વસ્તુઓ બાળકો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની છે.

## લેબલ્સ વાંચી, ખાંડ અને ઉમેરણોની ઓળખ મેળવી આહાર પસંદ કરો

**વાર્ષિક** આરોગ્ય જાગૃતિ અભિયાનમાં જાણીતા આરોગ્ય હિમાયતી રેવંત હિમત્સિંગકાનું માર્ગદર્શન




(પ્રતિનિધિ) વડોદરા તા.1

આદિકુરા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલે 1 માર્ચે સવારે 9:00 વાગ્યાથી તેની વાર્ષિક આરોગ્ય જાગૃતિ પહેલ “આદિકુરા પહેલ”નું સફળ આયોજન કર્યું. આ કાર્યક્રમમાં નાગરિકો, આરોગ્ય ક્ષેત્રના વ્યાવસાયિકો તથા સ્વસ્થ જીવનશૈલી માટે પ્રતિબદ્ધ લોકોની નોંધપાત્ર હાજરી રહી.

“આદિકુરા પહેલ” એ નિવારક આરોગ્યસંભાળ, સકારાત્મક જીવનશૈલી અને જાણકાર પસંદગીઓ અંગે જાગૃતિ ફેલાવવાનો હોસ્પિટલનો મુખ્ય પ્રયાસ છે. આ વર્ષના મુખ્ય વક્તા જાણીતા આરોગ્ય હિમાયતી રેવંત હિમત્સિંગકા (ફૂડફાર્મર) હતા. તેમણે ખોરાકના લેબલ્સ વાંચવા, ઘટકો સમજવા, છુપાયેલા ખાંડ અને ઉમેરણોની ઓળખ તથા સમજદારીપૂર્વક આહાર પસંદગીના મહત્વ પર ભાર મૂક્યો. તેમની વાતચીતે શ્રોતાઓમાં ઊંડો રસ જગાવ્યો અને ઈન્ટરેક્ટિવ ચર્ચાઓને જન્મ આપ્યો.

આદિકુરા હોસ્પિટલના ચેરમેન ડૉ. સુમિત કાપડિયાએ જણાવ્યું કે હોસ્પિટલ માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ જાગૃતિ અને નિવારણ દ્વારા સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે.


રેવંત હિમત્સિંગકાએ વડોદરાના નાગરિકોના ઉત્સાહભર્યા પ્રતિભાવની પ્રશંસા કરી.

“આદિકુરા પહેલ 2026” સ્વસ્થ આવતીકાલ તરફ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું છે.

---

**ગુજરાતમિત્ર — વડોદરાની ગપસપ**

## વડોદરામાં ‘સૂપર પીઆઇ’નો સત્તાનો નશો એવો કે DCP-ACP પણ જાણે જુનિયર!




વડોદરા શહેર પોલીસ વિભાગ સામાન્ય રીતે શિસ્ત, સંયમ અને સત્તાના સદુપયોગ માટે ઓળખાય છે. શહેરમાં ફરજ બજાવતા અનેક IPS અધિકારીઓ આજે પણ સહજતા, વિનમ્રતા અને સરળ વર્તનથી લોકોના દિલ જીતી લે છે. પીએસઆઈમાંથી પ્રમોશન લઈને પીઆઈ બનેલા અધિકારીઓ પણ મોટા ભાગે પોતાના વરિષ્ઠોનું માન રાખતા જોવા મળે છે.

પરંતુ હવે વડોદરામાં એક એવા વિશેષ પ્રતિભાશાળી પોલીસ ઈન્સ્પેક્ટર સામે આવ્યા છે, જેમને કદાચ પ્રમોશન સાથે સત્તાનો એક્સ્ટ્રા ડોઝ પણ મળી ગયો હોય એવું લાગી રહ્યું છે. કહેવાય છે કે આ પીઆઈને માટે હવે માત્ર પોતાની મરજી ચાલે છે – DCP અને ACP પણ જાણે તેમની ફાઈલમાં ‘ઓપ્શનલ’ બની ગયા છે. તેમની આસપાસ કામ કરતા લોકો જણાવે છે કે સંબંધિત પીઆઈ પોતાના પોલીસ સ્ટેશનમાં બનેલા બનાવોની માહિતી ઉપરના અધિકારીઓને આપવી જરૂરી સમજતા નથી. સામાન્ય ગુનામાં પણ જ્યારે ACP કે DCP વિગત માંગે, ત્યારે જાણે તેમને સમજાવવું પડે કે “તમે પૂછવા વાળા કોણ?”


વધુમાં, માહિતી આપવાને બદલે હાથ અધ્ધર રાખવાની કલામાં પણ આ પીઆઈ પારંગત હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

શહેરમાં IPS અધિકારીઓ સાદગીથી ફરજ બજાવે છે ત્યારે એક પીઆઈ દ્વારા દેખાડવામાં આવતો આ ‘VIP એટીટ્યૂડ’ અનેક પ્રશ્નો ઉભા કરે છે. પ્રશ્ન એ છે પોલીસ સ્ટેશન ચલાવવાનું છે કે વ્યક્તિગત અહંકાર?

કાયદો સર્વોચ્ચ છે કે ‘સૂપર પીઆઈ’?

અને સૌથી મોટો પ્રશ્ન – ઉપરવાળા અધિકારીઓ આ બધું જોઈને પણ કેમ ચૂપ છે?

### બરોડા ડેરીમાં ‘૨૫ કરોડ’ની ઠંડી છાસ: ભાસ્કર પટેલના સૂર અચાનક કેમ બદલાયા?




બરોડા ડેરીના સહકારી રાજકારણમાં છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલો હાઈવોલ્ટેજ ડ્રામા હવે એવા તબક્કે આવી પહોંચ્યો છે, જ્યાં ૨૫ કરોડ રૂપિયા એકદમ ભારે લાગી રહ્યા હોય એવું સ્પષ્ટ દેખાય છે. ડેરીના વર્તમાન પ્રમુખ દિનેશ પટેલ (દિનુ મામા) દ્વારા ભાસ્કર પટેલ સામે ૨૫ કરોડ રૂપિયાનો માનહાનિ દાવો કરવાની જાહેરાત થયા બાદ સહકારી આલમમાં અચાનક શાંતિ છવાઈ ગઈ છે–ખાસ કરીને તે તરફથી, જે અત્યાર સુધી માઈક, મંચ અને મીડિયા પર ગરજતા હતા.

ભાસ્કર પટેલે અગાઉ દિનુ મામાના ચારિત્ર્ય અને વહીવટ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. પરંતુ દિનુ મામાએ સીધો સવાલ ફેંક્યો–

“આક્ષેપો સાબિત કરો, નહિતર ૨૫ કરોડ ચૂકવો.”

આ પછી જ સહકારી રાજકારણમાં જાણે ‘સાઉન્ડ મ્યુટ’ થઈ ગયો હોય એવી ચર્ચા છે. અત્યાર સુધી આક્રમક દેખાતા ભાસ્કર પટેલ હવે સંરક્ષણાત્મક ભૂમિકામાં જોવા મળી રહ્યા છે.

લોકમુખે ચર્ચા છે કે આક્ષેપો સાબિત કરવામાં નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે ભાસ્કર પટેલે હવે નવો દાવ રમ્યો–દિનુ મામા ભાજપના કાર્યકરોનો વિરોધ કરે છે એવી વાત ફેલાવીને મુદ્દાને રાજકીય રંગ આપવાનો પ્રયાસ. વિશ્લેષકો માને છે કે જ્યારે કાયદો સામે ઊભો થાય, ત્યારે રાજકીય સહારો શોધવો જૂની ટેકનિક છે.

આ સમગ્ર ખેંચતાણ વચ્ચે બરોડા ડેરીમાં ફોર્મ ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. દિનુ મામાની કડક અને આક્રમક ભૂમિકા સામે ભાસ્કર પટેલનું નરમ વલણ એ સંકેત આપે છે કે ૨૫ કરોડનો આંકડો માત્ર રકમ નથી, પણ રાજકીય દબાણનું હથિયાર બની ગયો છે.

હવે સહકારી આલમમાં સવાલ એક જ છે–આક્ષેપોની લડાઈ કોર્ટમાં જશે કે ભાષણોમાં જ સમાપ્ત થશે?

અને સૌથી મોટો પ્રશ્ન–૨૫ કરોડના આંકડાએ કેટલાય ‘શૂરવીરો’ને અચાનક શાંત કેમ કરી દીધા?

### ભાજપના ગઢમાં “યુવા” ગાયબ, સાંસદ હાજર - ટીમમાં શહેરને ‘નો એન્ટ્રી’




ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાની નવી ટીમ જાહેર થઈ છે અને સાથે જ વડોદરા શહેરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે - સંપૂર્ણ ગેરહાજરી!

વડોદરાના સાંસદ અને હવે પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ બનેલા હેમાંગ જોશીએ એવી ટીમ બનાવી છે કે, જેમાં પોતાના જ શહેરના યુવા કાર્યકરોને શોધવા માટે માઈક્રોસ્કોપ નહીં, Google Maps પણ કામ ના આવે.

પ્રદેશ મોવડી મંડળ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સાથે “લાંબી અને ગંભીર ચર્ચા” બાદ ટીમ તૈયાર થઈ છે. પરિણામે 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી, 8 મંત્રી, 1 કોષાધ્યક્ષ, 1 કાર્યાલય મંત્રી બધા મળી ગયા પણ વડોદરા શહેરનો એક પણ યુવા કાર્યકર નહીં!

લાગે છે ચર્ચા એટલી લાંબી હતી કે શહેરનું નામ વચ્ચે ક્યાંક ખોવાઈ ગયું.

યાદીમાં વડોદરા જિલ્લામાંથી એકમાત્ર અંકિતાબેન રોનકભાઈ પરમારને સ્થાન મળ્યું છે - તે પણ તાલુકામાંથી. એટલે સ્પષ્ટ છે કે, શહેર માટે “નો વેકન્સી”નો બોર્ડ લાગી ગયું છે.

હવે પ્રશ્ન એ છે કે, સાંસદ વડોદરાના પ્રમુખ વડોદરાના અને અવગણના પણ વડોદરાની!

શહેર ભાજપના યુવા કાર્યકરોમાં ચર્ચા છે કે આ સંગઠનની નબળાઈ છે કે પછી આંતરિક રાજકારણનો ઓલ ઈન્ડિયા લેવલની માસ્ટરસ્ટ્રોક?

જે કાર્યકરો દિવસ-રાત મહેનત કરે, પોસ્ટર ચોંટાડે, કાર્યક્રમોમાં ખુરશી ગોઠવે - તેમના માટે આ નિર્ણય આંચકા સમાન છે, જ્યારે નેતૃત્વ માટે કદાચ આ બધું “ઓલ ઈઝ વેલ” ની કેટેગરીમાં આવે છે.

વડોદરા શહેર આજે પૂછે છે -

“જ્યારે સાંસદ અને સાંસદ અમારા, તો ટીમમાં અમે ક્યાં?”

### મોટા ગજાના નેતાની ‘ગોઠવણ’ કે GSTનો અચાનક નિંદ્રાભંગ? ચોખંડીના ફરસાણ સાથે રાજકીય મસાલો પણ ગરમ!




સંસ્કારી નગરીના વેપારી જગતમાં મીઠા ફરસાણ કરતાં વધુ ખારા પ્રશ્નો ફરતા થયા છે. શહેરના હાર્દ સમાન ચોખંડી વિસ્તારમાં નામી ફરસાણના વેપારીઓ પર GST વિભાગે પાડેલા દરોડાઓ હવે માત્ર “ટેક્સ ચોરી” પૂરતા રહ્યા નથી, પરંતુ તેમાં રાજકીય મસાલો, ઈશારો અને ગોઠવણની સુગંધ પણ આવવા લાગી છે.

GSTની ટીમો ચોખંડી વિસ્તારમાં એવી ત્રાટકી કે મોડી રાત સુધી દુકાનો કરતાં ચોપડાં વધુ થાકી ગયા. અહેવાલ છે કે મોટા પાયે આર્થિક વ્યવહારો સામે આવ્યા, પરંતુ પ્રશ્ન એ નથી કે શું મળ્યું – પ્રશ્ન એ છે કે કોના ત્યાં મળ્યું? અને કેમ માત્ર ત્યાં જ મળ્યું?

શહેરના વેપારી આલમમાં હવે એક જ ચર્ચા છે – શું GST વિભાગને અચાનક ચોખંડીનો સ્વાદ વધારે ભાવી ગયો? કે પછી કોઈ “મોટા ગજાના” નેતાની આંખે કોઈ ચોક્કસ વેપારી ખટકતો હતો?

સામાન્ય રીતે ટેક્સ વિભાગની તપાસ “રૂટિન” ગણાય છે, પરંતુ અહીં તો રૂટિનમાં પણ રોટલી પર ઘી ઓછું અને રાજકીય મરચું વધારે દેખાય છે. કારણ કે ચોખંડીમાં ફરસાણ વેચતા બધા વેપારીઓ તો એક જેવા જ છે, છતાં નિશાન ચોક્કસ જ દુકાનો પર કેમ?

આ કાર્યવાહી બાદ શહેરના અન્ય મોટા ફરસાણ વેપારીઓમાં પણ ફફડાટ એવો ફેલાયો છે કે હવે

કોઈ રસીદ ગોઠવી રહ્યો છે

કોઈ એકાઉન્ટન્ટને મધરાતે ફોન કરી રહ્યો છે

તો કોઈ “બિલ બુક”ને મંદિર લઈ જઈ આશીર્વાદ લેવડાવી રહ્યો છે

જાહેર જનતા પણ હવે સવાલ પૂછે છે.

શું બાકીના મોટા વેપારીઓના ચોપડા દૂધે ધોયેલા છે?

જો તપાસનો દોર જરા વિસ્તારવામાં આવે, તો શું ફરસાણ સાથે “કાચા-પાકા હિસાબો” પણ બહાર નહીં આવે?

ચોખંડી વિસ્તાર અત્યાર સુધી તેના પરંપરાગત સ્વાદ માટે જાણીતો હતો, પરંતુ અત્યારે સ્વાદ કરતાં વધુ ચર્ચા છે

વેપારી આલમમાં તો એવી પણ ચર્ચા છે કે જો તપાસનો દોર અન્ય વિસ્તારો સુધી લંબાયો, તો ફરસાણની થાળીમાં થી સીધા મોટા માથાં બહાર પડી શકે છે.

હવે જોવાનું એ છે કે, આ રેડ ખરેખર ટેક્સ ચોરી સામેની કાર્યવાહી છે?

કે પછી કોઈ “ઉપરથી આવેલા સંકેત”નો મીઠો-ખારો અમલ?

વડોદરા હાલ પૂછે છે –

“GST આવ્યું છે કે રાજકીય સંદેશ?”